**ગુજરાત સફાઇ કામદાર વિકાસ નિગમમાં મંજૂર થયેલ મહેકમ પૈકી ફિકસ પગારથી આઉટ સોર્સીંગ ધ્વારા ફરજ બજાવતા કર્મચારીઓના પગાર વધારા બાબત..**

ગુજરાત સરકાર
સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ,
ઠરાવ ક્રઃ પરચ-૧૦૨૦૦૧-૧૦૯૦-ગ,
સચિવાલય, ગાંધીનગર.
તારીખઃ ૧૮-૬-૨૦૧૧.

**વંચાણે લીધાઃ**

(૧) સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગનો તા.૯-૧૨-૨૦૦૦ નો ઠરાવ ક્રઃ એસસીડબલ્યુ-૧૦૯૭-ન.બા.33-ગ.

(૨) ગુજરાત સફાઇ કામદાર વિકાસ નિગમનો તા.૧૨-૮-૨૦૧૦ નો પત્ર ક્રઃ ગુસકાવિનિ/મહેકમ/૧૦-૧૧/૨૨૯૯૧.

**ઠ રા વઃ-**

ગુજરાત સફાઇ કામદાર વિકાસ નિગમમાં ઉપરોકત વંચાણે લીધેલ ઠરાવ ક્રઃ૧ થી મંજુર કરેલ મહેકમ માટે ફિકસ પગારથી આઉટ સોર્સીંગ ધ્વારા ફરજ બજાવતા કર્મચારીઓના પગાર નકકી કરવામાં આવેલ હતા. જે નકકી કરવામાં આવેલ ફીકસ પગારમાં વધારો કરવાની બાબતે ગુજરાત સફાઇ કામદાર વિકાસ નિગમ ધ્વારા ઉપરોકત વંચાણમાં લીધેલ ક્રઃ૨ મુજબ દરખાસ્ત કરવામાં આવેલ હતી.

પુખ્ત વિચારણાને અંતે ગુજરાત સફાઇ કામદાર વિકાસ નિગમમાં ફિકસ પગારથી આઉટ સોર્સીંગ ધ્વારા ફરજ બજાવતા નીચે મુજબના કર્મચારીઓ માટે પગારમાં વધારો કરવા મંજુરી આપવામાં આવે છે.

| | | |
|---|---|---|
| (૧) | પ્રોજેકટ કન્સલ્ટન્ટ | રૂ.૧૫,૦૦૦/- ના બદલે રૂ.૨૫,૦૦૦/- |
| (૨) | વસુલાત અધિકારીશ્રી | રૂ.૧૦,૦૦૦/- ના બદલે રૂ.૧૫,૦૦૦/- |
| (3) | પ્રોજેકટ ઓફીસર તથા મદદનીશ જીલ્લા મેનેજર | રૂ.૭,૦૦૦/- ના બદલે રૂ.૧૫,૦૦૦/- |

ગુજરાત સફાઇ કામદાર વિકાસ નિગમમાં મંજૂર થયેલ મહેકમ પૈકી ફિકસ પગારથી આઉટ સોર્સીંગ ધ્વારા ફરજ બજાવતા કર્મચારીઓની ભરતી બાબતની અન્ય શરતો યથાવત રહેશે.

આ હુકમોનો અમલ ઠરાવની તારીખથી કરવાનો રહેશે.

આ ઠરાવ આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ ઉપર નાણાં વિભાગની તા.૧૦-૬-૨૦૧૧ ની નોંધથી મળેલ અનુમતિ બાદ બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(શ્રીમતી એસ.આર.ભુરીયા)
સંયુકત સચિવ,
સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ

પ્રતિ,

- માન.મંત્રીશ્રી(સા.ન્યા)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ, ગુજરાત રાજય, ગાંધીનગર.
- એકાઉન્ટન્ટ જનરલ, ગુજરાત રાજય અમદાવાદ/ રાજકોટ
- નિવાસી ઓડિટ અધિકારી, ગાંધીનગર
- નાણાં વિભાગ સચિવાલય, ગાંધીનગર
- મેનેજીંગ ડીરેકટરશ્રી, ગુજરાત સફાઇ કામદાર વિકાસ નિગમ, ગાંધીનગર
- સિલેકટ ફાઇલ.